ગોરી-ગરબા

ઉર્ફે

પ્રેમ-સુલતા

જેની અંદર જુદી જુદી જાતના રા
ઇમામની પધરામણી પ્રસંગના અ
ગરબાઓ જુની અને નવી
ઢબ પ્રમાણે જુદી જુદી જગ્ગ
થી સંગ્રહ કરેલ છે.

ખાસ ખોજા ઇસ્માઇલીઓ માટે

સુધારા વધારા સાથે સંગ્રહ કરી પ્રગટ કરનાર

ખોજા મુરાદઅલીભાઇ વલી

ઇસ્માઇલીઆ સ્કુલ માસ્તર બગીચા-કરાચી.

બુક મળવાનું ઠેકાણું

બગીચા સ્કુલ, તથા ખારાધર કરાચી.

સંવત ૧૯૭૯ પ્રત ૧૦૦૦ ઇ. સ. ૧૯૨૩.

મુલ્ય ચાર આના.

અર્પણ પત્રિકા

મ્હારા સદાના હેતવંતા ધીરવીર બંધુ

મરહુમ અલાદીનાભાઈ વલી

આપ અને હું એ બનેનાં માંસલ શરીર એકજ માબાપથી ઉત્પન્ન થયા છે. તો આપ આપની યુવાવસ્થામાં પચીસ વર્ષની ટૂંક આયુષ્ય ભોગવી અમારાથી વિખુટા પડી પરમધામ પામ્યા. સ્વાભાવીક હેત સંબંધી તમારી જુદાઈ સહન નહિ થઈ શક્તાથી અમને અત્યંત દીલગીરી અને દુઃખ થયું છે, પણ [illegible] આગળ નમ્ર અને ગદ્દગદીત વિનંતી થી અરજ ગુજારીએ છીએ જે આપના આત્માને અખંડ અવિનાશી તરે વહદાનીયતના દિવ્ય સ્વરૂપમાં અજરા અમર રાખે એવી આશાએ પરમ પરમાત્માની મહેરબાનીથી આખા કુટુંબને શાંતિનો [illegible] શાન્ત રહ્યું છે, ત્યાં ના રૂહના [illegible] અર્થે આ મારૂં લઘુ સંગ્રહ કરેલું પુસ્તક આત્માની શાંતીની ખાત્રીમાં અર્પણ કરૂં છું.

કરાચી
તા. ૧૦મી માર્ચ ૧૯૨૩.

તમારો વિયોગી ભાઈ
મુરાદઅલીભાઈ વલીના
આશીરવાદ
[illegible]

રાસુડો-૧.

સુતી હું તો કોણે જગાડી રે
સુલતાન માયા લગાડી;
મધરાતે મુરલી વગાડી રે,
સુલતાન માયા લગાડી—૦
શાહના વકીલોને ઉતારા ઓરડા,
મહમદ સુલતાનને મેડીના મોલરે—સુલતાન-ટેક.
શાહના વકીલોને દાતણ દાડમી,
સુલતાન શાહને ઝણીઆરી કામરે-સુલતાન-સુતી૦
શાહના વકીલોને ભોજન બીરીયાની,
સુલતાન શાહને મુરગી મટન ચાપ રે;
સુલતાન માયા લગાડી—સુતી૦
શાહના વકીલોને મુખવાસ એલચી,
સુલતાન શાહને પાન પચાસ રે;
સુલતાન માયા લગાડી—સુતી૦
શાહના વકીલોને પોઢણ ઢોલીયા,
સુલતાન શાહને હિંડોળા ખાટરે—સુલતાન-સુતી૦
શાહના વકીલોને નાવણ કુંડીઓ,
સુલતાન શાહને નદીઓના નીર રે—સુલતાન-સુતી૦

રાસુડો-૨

સુલતાન શાહ ચાલો અમારા બાગમાં—૦
અમારા બાગમાં લવીંગના ઝાડ છે,
લવીંગ લેતા જાજો—સુલતાન શાહા,
ચાલો અમારા બાગમાં;

હાકમ ચાલો અમારા બાગમાં,
છડીદાર ચાલો અમારા બાગમાં—૦
અમારા બાંગમાં ઈલાયચીના ઝાડ છે,
ઈલાયચી લેતાં જાજો— સુલતાન શાહા,
ચાલો અમારે બાગમાં—૦

અમારા બાગમાં લીંબુના ઝાડ છે,
લીંબુ લેતા જાજો—સુલતાન શાંહા;
ચાલો અમારા બાગમા—૦

અમારા બાગમાં નારંગીના ઝાડ છે,
નારંગી લેતા જાજો—સુલતાન શાહ;
ચાલો અમારા બાગમાં—૦

અમારા બાગમાં આંબાના ઝાડ છે,
આંબા લેતા જાજો—સુલતાન શાહા;
ચાલો અમારા બાગમાં—

અમારા બાગમાં સીતાફળના ઝાડ છે,
સીતાફળ લેતા જાજો—સુલતાન શાહા;
ચાલો અમારા બાગમાં—૦

અમારા બાગમાં સરૂસાંદના ઝાડ છે,

સફરજંદ લેતા જાજો—સુલતાન શાહા;
ચાલો અમારા બાગમાં—૦

અમારા બાગમાં અનેનાસના ઝાડ છે,
અનેનાસ લેતા જાજો—સુલતાન શાહા;
ચાલો અમારા બાગમાં—૦

રાસુડો—૩

બાઈ મારી નવરંગી વાડીમાં કે કેવડો ઉગીયો રે લોલ,
સુલતાન શાહ કેવડો લેવા જાજો કે વાટે નહિં મળે રે લોલ.૦

આવ્યા શિયાળાના દીન શીયાળો દોહેલો રે લોલ;
થરથરે મારી કાય કેમ બહારે નીસરૂં રે લોલ,
સુલતાન શાહ ડગલા દેશે સાથ શીયાળો નહિં નડે રે લોલ—૦

બાઈ મારી નવરંગી વાડીમાં કે કેવડો ફુલીયો રે લોલ,
સુલતાન શાહ કેવડો લેતાં જાજો કે વાટે નહિં મળે રે લોલ.
આવ્યા ઉનાળાના દીન ઉનાળો બહુ તપે રે લોલ,
ઝડકે દાઝે મારી કાય બહારે કેમ નીસરૂં રે લોલ;
સુલતાન શાહ પંખા દેશે હાથ ઉનાળો નહિં નડે રે લોલ—૦

બાઈ મારી નવરંગી વાડીમાં કેવડો બહેકીયો રે લોલ,
સુલતાન શાહ કેવડો લેતાં જાજો કે વાટે નહિં મળે રે લોલ;
આવ્યા ચોમાસાના દીન ગગનઘન ગરજે રે લોલ,
વરસે મેહુલો મુશળધાર બહારે નહિ નીસરૂં રે લોલ;
સુલતાન શાહ છત્રીયો દેશે સાથ ચોમાસું નહિ નડે રે લોલ,
બાઇ મારી નવરંગી વાડીમાં કેવડો પાકીયો રે લોલ,
સુલતાન શાહ કેવડો લેતાં જાજો કે વાટે નહિં મળે રે લોલ—૦

રાસુડો-૪

નંગારા વાજે ને મારો મન હસે;
આજ મારો મનડો થીયો રળીયાત રે;
આવો તો ઉમેદ રેં પીરશાહ પુરી કરો—૦
કે આજના ઉતારા સુલતાન ઈંઆ કરો,
ઉતારા કરશે ખોજાનો ખાવીંદ રે;
આવો તો ઉમેદ રે પીરશાહ પુરી કરો—નંગારા૦
કે આજરે દાતણીયા સુલતાન ઈંઆ કરો,
દાતણુ કરશે મુંબઈનો મહેરબાન રે;
આવો તો ઉમેદ રે પીરશાહ પુરી કરો—નંગારા૦
કે આજના ભોજનીયા સુલતાન ઈંઆ જમો,
ભોજન કરશે ભગતોનો ભગવાન રે;
આવો તો ઉમેદરે પીરશાહ પુરી કરો—નંગારા૦
કે આજના મુખંવાસ સુલતાન ઈંઆ કરો,
મુખવાસ કરશે મોમનનો મહેરબાન રે;
આવો તો ઉમેદરે પીરશાહ પુરી કરો—નંગારા૦
કે આજના પોઢણીયા સુલતાન ઈંઆ કરો,
પોઢણુ કરશે પછમ દેશનો રાય રે;
આવો તો ઉમેદરે પીરશાહ પુરી કરો—નંગારા૦
કે આજના નાવણીયા સુલતાન ઈંઆ કરો;
નાવણુ કરશે નકલંકી નારાણરે;
આવો તો ઉમેદરે પીર શાહ પુરી કરો—નંગારા૦

બે સખીયોનો સંવાદ

૧ વહુજી આર કરો વહુ બાપા?
૨ નાના નહિં કરીયે મોરી બાઈજી;
૧ તમારો સસરો આણે આવ્યા,
૨ એતો આવ્યા એવા જાશે;
૧ બળદ ગાડી જોડી લાવ્યાં,
૨ એમાં તમે બેસી જાજો;
૧ વહુજી બાળીયાંને શું બાળો,
૨ બાઇજી આગલા દીં સંભાળો;
૧ વહુજી આર કરો બહુ બાપા,
૨ ના ના નહિં કરીયે મોરી બાઇજી;
૧ તમારો જેઠ આણે આવ્યા,
૨ એતો આવ્યા એવા જાશે;
૧ સીગરામ ગાડી જોડી લાવ્યા,
૨ તેમાં તમે બેસી જાજો;
૧ વહુજી બાળીયાને શું બાળો,
૨ બાઈજી આગલા દીં સંભાળો;
૧ વહુજી આર કરો વહુ બાપા,
૨ ના ના નહિં કરીયે મોરી બાઈજી;
૧ તમારો દીયર આણે આવ્યા,
૨ એતો આવ્યા એવા જાશે;
૧ ટમ ટમ ગાડી જોડી લાવ્યા,
૨ તેમાં તમે બેસી જાજો;

૧ વહુજી બાજ્યાંને શું બાબો,
૨ બાઈજી આગળા ડી સંભાળો;
૧ વહુજી આર કરો બહુ બાપા,
૨ ના ના નહિં કરીયે મોરી બાઈજી,
૧ તમારો પરણ્યો આવો આવ્યા;
૨ એતો ભલી કરી આવ્યા,
૧ મોટર ગાડી જોડી લાવ્યા;
૨ એમાં અમે બેસી જાશું,
૧ વહુજી ભાગ્ય તમારા ખીલ્યા;
૨ એવાં ભાગ્ય તમારા હોજો,
૧ જોડી સલામત સુલતાન રાખે;
૨ શાહના દીદાર ઉમંગે કરશું,
૧ વહુજી આર કરો બહુ બાપા,
૨ વહેલા વહેલા થાળ જમાડો;

રાસુડો—૫

પોપટ તારા પાંજરામાં માંહે વસે છે ઠીંગણી,
આટલી વહુ વારૂમાં કોણ વહુ ઠીંગણી;
આટલી વહુ વારૂમાં——વહુ ઠીંગણી,
તે તો મારા——ભાઈ તમ ઘેર છાજે,
તમ ઘેર છાજે વીરા તમ ઘેર છાજે;——૦
પોપટ તારા પાંજરામાં માંહે વસે છે રુડી,
આટલી વહુવારૂમાં કોણ વહુ રૂડી;
આટલી વહુવારૂમાં——વહુ રૂડી,

તે તો મારા——ભાઈ તમ ઘેર છાજે,
તમ ઘેર છાજે વીરા તમ ઘેર છાજે—૦
પોપટ તારા પાંજરામાં માંહે વસે છે આંબી,
આટલી વહુવારૂમાં કોણ વહુ લાંબી;
આટલી વહુ વારૂમાં——વહુ લાંબી,
તેતો મારા——ભાઈ તમ ઘેર છાજે;
તમ ઘેર છાજે વીરા તમ ઘેર છા.—૦
પોપટ તારા પાંજરાના બારણામાં કુંચી;
આટલી વહુ વારૂમાં કોણ વહુ ગુચી,
આટલી વહુ વારૂમાં——વહુ ગુચી;
તે તો મારા——ભાઈ તમ ઘેર છાજે,
તમ ઘેર છાજે વીરા તમ ઘેર છાજે—૦
પોપટ તારા પાંજરામાં ચીત્રાવો ચારી,
આટલી વહુ વારૂમાં કોણ વહુ ગોરી;
આટલી વહુ વારૂમા——વહુ ગોરી,
તે તો મારા——ભાઈ તમ ઘેર છાજે;
તમ ઘેર છાજે વીરા તમ ઘેર છાજે—૦
પોપટ તારા પાંજરામાં ફુલ ગુલાબ જાઈ,
આટલી વહુ વારૂમાં કોણ વહુ ડાહી,
આટલી વહુ વારૂમાં——વહુ ડાહી,
તે તો મારા——ભાઈ તમ ઘેર છાજે;
તમ ઘેર છાજે વીરા તમ ઘેર છાજે—૦

ગરબો.

ઉગ્યો સખી સૃષ્ટિનો શ્રંગાર—એ રાગ,

થયો સફળ જન્મ અમારો આજ,
સુલતાન શાહ પધાર્યા અમ દેશમાં;
પીરુજી પધાર્યા અમ દેશમા—૦
સફળ પ્રેમ ઘેલા થયા નીરખી દીદાર.
સુલતાન શાહ પધાર્યા અમ દેશમા;
પીરુજી પધાર્યા અમ દેશમા—૦
સાખી—ધન્ય કરાંચી શહેરને ભાગ્યવંત ગુની જાણુ,
ત્રિભુવન પતી પધાર્યા, નકલંકી નાથ સુજાણ—
પ્રિતી પુર્વ તણી પરખીકે શાહજી ભલે પધાર્યા—રે,
કારજ અમતણા કરવા કે શાહજી ભલે પધાર્યા—રે:
સુણીને અમર બોધને ધરજો કાન,
પ્રિતેથી કરો જ્ઞાન સુધારસ પાન;—પ્રિતી.
સાખી—ચંદ્ર સમા શિતળથકી સુલતાન શાહ સીરતાજ,
રાખો નજર તમ મહેરતણી અર્પો લ્હાવો આજ;
સખીઆપો સુલતાન શાહાને માન,
પ્રિતે ગાઓ મીઠા ગુણ ગાન;
રસીક ગરબા રમો જીલી તાન,
કાને અરજ સુણો ભગવાન—૦
સાખી—શરણે શાહજી રાખજો તમ ચરણે સૌ સાથ
કુડ કપટ પાખંડથી તારો ભવજલનાથ—થયો૦

રાસુડો—૬.

લીલી લીંબડી રે લીલા નાગરવેલના પાન,
સુકા સરોવરા રે સુકા સરવે લીલા ઝાડ—૦
સુલતાનશાહ પાતળા રે અમ ઘેર ઉતારા કરતા જાઓ,
ઉતારા નહિં કરીયે રે કરશું માનેતીને મહોલ;
માનેતી બાઈ એકલા રે જુએ સુલતાનશાહની વાટ—લીલી.
સુલતાનશાહ મોઠડા રે અમ ઘેર દાતણ કરતા જાઓ,
દાતણીયા નહીં કરીયે રે કરશું શહેજાદીને મહોલ;
શહેજાદીબાઈ એકલા રે જુએ સુલતાનશાહની વાટ-લીલી.
સુલતાનશાહ શામળા રે અમ ઘેર ભોજન કરતા જાઓ.
ભોજનીયા નહિં કરીયે રે કરશું માનેતીને મહોલ-લીલી.
સુલતાનશાહ પાતળા રે અમ ઘેર મુખવાશ કરતા જાઓ,
મુખવાસીયા નહિ કરીયે રે કરશું શહેજાદીને મહોલ;
શહેજાદીબાઈ એકલા રે જુએ સુલતાનશાહની વાટ-લીલી.
સુલતાનશાહ લાડ લારે, અમ ઘેર પોઢણ કરતા જાઓ,
પોંઢાણીયા નહિં કરીયે રે કરશું માનેતીને મહોલ;
માનેતીબાઈ એકલા રે જુએ સુલતાનશાહની વાટ-લીલી.
સુલતાનશાહ વ્હાલમાંરે અમ ઘેર નાવણ કરતા જાઓ,
નાવણીયાં નહિ કરીયે રે કરશું શહેજાદીને મહોલ;
શહેજાદીબાઈ એકલા રે જુએ સુલતાનશાહની વાટ
લીલી લીંબડી રે લીલા નાગરવેલના પાન,
સુકા સરોવરા રે સુકા સરવે લીલા ઝાડ—૦

રાસુડો—૭

સુલતાન પાન સરીખા પાતળા, શાહનું સુરજ સરીખું તેજ રે,
સુલતાનશાહ તમારે તોલે કોઇ નથી—૦
સુલતાન માંડવે આવ્યા મલપતા, હરખ્યા હરખ્યા જમાતોના
મનરે, સુલતાનશાહ તમારે તોલે કોઇ નથી—સુલ.
સુલતાનશાહ સીમડીયે આવ્યા મલપતા,
હરખ્યા હરખ્યા ખેડુતોના મન રે;
સુલતાનશાહ તમારે તોલે કોઇ નથી—સુલતાન.
સુલતાન વાડીયે આવ્યા મલપતા,
હરખ્યા હરખ્યા પરદેશીયોના મન રે;
સુલતાનશાહ તમારે તોલે કોઇ નથી—સુલતાન.
સુલતાન ખાનામાં આવ્યા મલપતા,
હરખ્યા હરખ્યા મોમનોના મન રે;
સુલતાનશાહ તમારે તોલે કોઇ નથી—સુલતાન.

રાસુડો ૮ મો.

જનતનો ગઢડો મોમને લીધો—ટેક.
ગામો રે ગામથી ઇસ્માઇલી ઉતરીયા,
મુંબઇમાં મેલાણુ કીધો રે—જનતનો.
સુલતાન મહમદશાહ પાસે ઉપદેશ લીધો,
અમલ ફરમાને કીધો રે—જનતનો
સુલતાન મહમદશાહે બ્રહ્મજ્ઞાન કીધો

આત્મ ઓળખ્યાનો ભેદ દીધો રે—જનતનો.

સુલતાન મહમદશાહે મહેરજ કીધી

જ્યોતિ પ્રકાશ અમને દીધો રે જનતનો.

રામુડા—૯ માં.

પ્રેમની પ્રેમની પ્રેમની રે;

તમને વાત સંભળાવું પ્રેમની—ટેક

શાહાના પધરામણીએ માંડવા બંધાવીઆ,

ધામ ધુમ થઇતી તેમની રે—તમને—૦

સુલતાનશાહની ખુશીઆલી ખાતર;

જમાથ તેડાવી દેશ દેશની રે—તમને—૦

રંગ બેરંગી પડધા બંધાવીઆ;

વાવટા લટકાવીઆ તેમની રે—તમને—૦

ફાનુશને હાંડી અતી બંધાવ્યા;

ઝુમર બંધાવીઆ તેમની રે—તમને—૦

આઇસક્રીમ ને શરબત પીવડાવ્યાં;

ચાએ પીવરાવ્યા તેમનીં રે—તમને—૦

સુખી કોમડીયા આવીઆંતા ઇતમાથી;

વારસો પધાર્યા તેમની રે- તમને—૦

બાઇઓનો મેળાવડો અતિ ઘણો શોભે;

છોકરાને છોકરી તેમની રે—તમને—૮

રંગ બેરંગી કપડાં રે શોભે;

બાધલા કલાંબધ તેમની રે—તમને—૦

સુલતાનશાહ પ્રતાપે દાસી લાલબાઇ બોલ્યા;

વૃષ્ટી વરસાવો મોલા મહેરની રે—તમને—૯

રાસુડા ૧૦ મો.

ધન્ય ધન્ય ધન્ય ધન્ય ધન્ય ગડી સારી;
સુલતાન મહમદ શાહ ઉપર જાઉં બલહારી—ધન્ય
સુલતાન શાહનું સરગસ ચઢાવ્યો
ધામ ધુમ કીધી ભારી,
હેતે પ્રિતે પંજે ભાઇઓએ દીધી મુબારક બાદી—ધન્ય
ધન્ય કે તમને [illegible]—ઉલટ આણી ભારી;
[illegible] કામ બન્યું ભારી—ધન્ય
[illegible] શોભે સારી
[illegible] ભારી—ધન્ય
[illegible] ભારી
[illegible]તા ફુલ [illegible]ને લેજો ઉગારી—ધન્ય

રાસુડા ૧૧ મો.

પીર શેરી [illegible] ઘરે આવોજી;
પીર શેરીએ [illegible] મારે ઘરે આવોજી.
શાહાના વકીલોને [illegible] ઓરડા ઘરે આવોજી—૦
મહમદ સુલતાનને મેડીનાં મોહોલ મારે ઘરે આવોજી—૦
શાહાનાં વકીલોને દાતણ દાડમી ઘરે આવોજી—૦
મહમદ સુલતાનને [illegible] મારે ઘરે આવોજી—૦
શાહાનાં વકીલોને જીમણ લાપસી ઘરે આવોજી—૦
મહમદ સુલતાનને પ્રેમી પકવાન મારે ઘરે આવોજી—૦
શાહાના વકીલોને મુખવાસ, એલચી ઘરે આવોજી—૦

મહુમદ સુલતાનને પાન પચાસ મારે ઘરે આવોજી—૦
શાહાનાં વકીલોને પોઢાણુ ઢોલીયા ઘરે આવોજી—૦
મહુમદ સુલતાનને હિંડોળા ખાટ મારે ઘરે આવોજી—૦
શાહાનાં વકીલોને નાવાણુ કુંડીઉં મારે ઘરે આવોજી—૦
મહુમદ સુલતાનને ગરમ હમામ મારે ઘરે આવોજી—૦
પીર શેરી—૦

રાસુડો—૧૨ મો.

રાગ—મુને વ્હાલું વ્હાલું દાદા રામજીનું નામ—)
મુને વ્હાલું વ્હાલું આજ દિન રળીયાત;
ખુશીયાલી થઈ શાહાનાં પધરામણીની આજ—મુને
રમે ખોજા ઇસ્માઈલી નર નાર સહુ,
ગીત ગાય સુલતાન શાહનાં હરખે બહુ;
સામી પ્રાર્થના એ તમારી કરૂં—મુને
વ્હાલા ધન્ય તારા તાતને ધન્ય તારી માત;
ધન્ય તેનો અવતાર જેણે ગ્રહીયો તારો હાથ;
તેનો દિવ્ય અમરાપુરી નુરમાં પ્રકાશ—મુને
વ્હાલા કિર્તી તમારી નવખંડ ગવાય;
સ્વર્ગ મૃત્યુ પાતાળે, તારો નામ લેવાય
જળ થળ માંહે તારો વાસ કહેવાય—મુને૦
અમે અબળા સ્તુતિ કરીયે ઘણી,
આપો મહેર તમારી કરાની બાની;
હે ઉલટભયને બેઠીયાની બાની—મુને૦
વ્હાલા સ્વામી તમોવિણું પાર નથી,

છબી કહી ન શકે મુખથીરે કંથી
ગુણ ગાન ન થયો તારો બ્રહ્મા થકી—મુને૦
જે કોય હેતે હર્ષે ભક્તિ કરે,
લાખ ચોરાસી ફેરાના ચક્ર ટળે,
ફરી જન્મ મરણુ તણો ભય ન ધરે—મુને૦
તમે પરમ પવિત્ર છો નિર્મળા,
અમે છઈએ દોસારી બંધા અબળા;
સકળ સૃષ્ટિ થકી તમે છો સબળા—મુને૦
વહાલા પાન વીના જેમ વૃક્ષ રહે,
તેની શોભા સંસારમાં કાંઇ ન રહે,
તેની તળે વિસામો કોઈ ન લહે—મુને
વહાલા તમ વિના એ અમારી ગતી,
વિના પાન જે ઝાડની શોભા કથી;
સુલતાન તમ વિના શું થાય અમથી—મુને૦
વહાલા કૃપા કરીને કરૂણા કરો,
કર ઝાલો અમારો સંસાર તારો;
વહાલા સકળ મુરીદોને પાસ તેડો—મુને૦

સુલતાન શાહ પ્રત્યે દયા—

રાગ—સંત પારસ ચંદન બાવના

સુલતાન સાહેબ દયા કરો, તમે વહેલા વરો મહેરબાન
સુલતાન શાહ વહેલા કરાચી પધારજો—વ
મારા બેટાને અતિ ઉલટ ઘણી,
મુને દરશન કરવાની હામ—સુલતાન શાહને

કરી કૃપા સહુને દર્શન દીયો,
જેથી થાય પાવન તન મન—સુલતાનશાહ૦
સુલતાન ઘણા દિવસનો વિયોગ છે,
હવે તમ વિણ નહિ રહેવાય—સુલતાનશાહ૦
જળ વિના માછલી તડફ્ડે,
તેમ તમવિણ સકળ જમાત—સુલતાનશાહ૦
બાળકનો માબાપ પોષણ કરે
માત તાત વિણ છોરૂ કહેવાય—સુલતાનશાહ૦
અમે છોરૂ જનના જનકના
તમ કૃપાથી થાય મેળાપ—સુલતાનશાહ૦
અમે પામર જીવ અજ્ઞાની,
[illegible]—સુલતાનશાહ૦
અવગુણ અમારા [illegible],
તમે ક્ષમા કરો માત તાત—સુલતાનશાહ૦
છેલ્લી વિનતી અતી નમ્રતા પુર્વક
કર જોડી કરૂં પ્રભુ—સુલતાનશાહ૦

રાગ—બલિહારી રમીયા ગીરધારી

બલિહારી સુલતાન આનંદકારી, સુંદરશામ હો
તજી અમને વૈકુંઠના વાસી, આવા ન બનીયેજી—૦
સંસાર સાગરનો કાંઠો વસમું દીસેજી;
કળજુગ લાગે દુઃખકારી—સુંદરશામ૦
લોભ લાલચનો પાણી ભરપુર ભર્યોજી,

મચા નાવ ભય તણાંથી—સુંદરશ્યામ—૦
કૃપા કરીને વહાલા ડુબતા ઉગારોજી,
સત્વર પધારો શાહ કરાંચી—સુંદરશ્યામ૦
નર નારી નાના મોટા વાટ જુવે છેજી.
દર્શન વિના તલખે ભારી—સુંદરશ્યામ—૦
વ્રેહે વૈરાગે સહુ તમને ભેટેજી,
મયા કરીને મુરારી—સુંદરશ્યામ—૦
તમ વીના કેનો પ્રભુ પાલવ ગ્રહીયેજી,
રાખોને લજા અમારી—સુંદરશ્યામ—૦
દુઃખ દારિદ્રનો વહાલા વર્ણન શું કહું જી,
પાપમાંથી લેજો બચાવી—સુંદરશ્યામ૦
અવગુણ અમારા પ્રભુ ક્ષમા કરશોજી,
બ્રહ્મ અગ્નિથી નાખો બાળી—સુંદર—૦
એલીરે વીનતી વહાલા કાનો ધરજોજી;
પ્રણાંમ કરીયે કરજોડી—સુંદરશ્યામ—૦

રાસુડો ૧૨ મો

પ્રેમની પ્રેમની પ્રેમનીરે
તમને વાત સંભળાવું પ્રેમની—૦
સુલતાન સાહેબ [illegible] પધાર્યા,
[illegible] ધુમ થઇ છે [illegible]—તમને—૦
ખોજા જમાત દીદાર કરવા ચાલી,

આશા પુરી વહાલે તેમનીરે—તમને—૦

સુંદર મનોહર મુખડું દીપે,
ખીલી પુનમની ચાંદનીરે—તમને—૦

ત્રણુ લોકને નવખંડ પૃથ્વી,
જગમગ જલહલે જ્યોતનીરે—તમને—૦

સુંદર મનોહર મંડપ રચ્યો છે,
શોભા શું કહીએ તેમનીરે—તમને—૦

રંગ બેરંગી પડદા બંધાવ્યા,
વાવટો લહેરાવ્યા તેમનીરે—તમને—૦

વાજા ને ગાજા અતિ ઘણા વાજે,
ઢોલ નગારાં બેડનીરે—તમને—૦

વિજળીની લાઈટ ખુબ પ્રકાશે,
જોવા મળી છે ત્યાં મેદનીરે—તમને—૦

હારમાફલી ઓબા દાંડીયા લઈને,
રાસ રમે ધામ ધુમનીરે—તમને—૦

બાઈઓનો મેલાવડો અતિ ઘણો શોભે,
છોકરા ને છોકરી તેમનીરે—તમને—૦

ભાઈઓ ને બેનો સખા સાહેલીઓ,
ગાય ગીતને રમે રાસનીરે—તમને—૦

બેલી-ટોપરાએ મહેનત લઈને,
કહેંચી ખુશાલીની સુખડીરે—તમને—૦

પાન ગુલાબને ફુલ વરતાવ્યા,
ચાએ પીવરાવ્યો તેમનીરે–તમને૦
મુખી કામડીયા આલીજંહા ઈતમાધી;
વારસો પધાર્યા તેમનારે–તમને–૦
સુલતાન સાહેબ દરશન દેવા,
વહેલા પધારો અમ દેશનીરે–તમને–૦
કર જોડી અરજ કરૂં છું;
નજર કરજો મૌલા મહેરનીરે–તમને–૦

પપૈયા કાંહે મચાવે શોર–એ રાગ–

કોકીલા બે[illegible] અનેરા તું બોલ
મુખ પીરશાહના નામથી બોલ–કોકીલા૦
સુલતાન શાહાના પ્રેમ વૃક્ષની
ડાળે ડાળે તું ડોલ–કોકીલા૦
મંજુલ ઝુલે ઝુલી ઝુલાવી;
દિવ્ય દિલડાને તું ખોલ–કોકીલા૦
આત્મ વિણા સંભળાવ સુરીલી,
તો તારા મોંઘેરા મૂલ–કોકીલા૦
જ્ઞાન સુધારસ પાન કરીને;
આનંદે કરજે કલોલ–કોકીલા૦
તાર તાનની દેજે વિલાતે,
સુલતાન પધારો અમ મહોલ–કોકીલા૦

ગરબો.

રૂડી રઢીઆળીરાત, (૨)
ચાલોની રમવા ચતુરા ચોકમાં;
લાગે હૃદય રળીઆત, (૨)
આનંદ લહેકે છે ત્રણ લોકમાં—૦
વ્હાલે મદન જોબન વનમાં,
લાગી તાલા વેલી તનમાં,
એમ ચાલો ચોકમા—રૂડી—૦

સાખી

જુએ ચકોરી ગાભરી, ચંદ્ર ઉદયનો ઘાટ;
ત્રહે વ્યાકુળ વલ્લભા, વ્હાલાની જુએ વાટ.
રતી રમણી શું પતિ રંગ રાચે;
નણદીના વીરા વીના છાતી ભરાવે—રતિ૦

સાખી

જેને વિતી જગતમાં, તે પર પીડા જાણ,
શાકરનાં શોખીનને ભૂખ્યાનું શું ભાન;
શીદ સતાવો રે સલુણા સુંદર શીદ સતાવો રે,
પ્યાલો ધરીને પાસે વાલા ટળવળાવો રે;
લાજ ન આવે રે ઠગારો ચંદ્ર લાજ ન આવે રે,
નારી નીશાસાનો સાગર નાહક ખળભળાવો રે—૦

સાખી

આશા સાગરમાં મૂકયું શ્યામ સમાગમ નાવ

પાવ પલકમાં પહોંચવા, લેટાળો દીન દયાળ
જુએ વહાલાની વાટ (૨)
બાળાઓ બેસી ઘરના ગોખમાં,
આવ્યા પિયુ પ્રભાત (૨)
ઝાંઝર ઝણકે છે રૂડા ચોકમાં—રૂડી—૦

(ગરબો) ચાર સખીઓની કુદડી.

છલકાતું આવે બેડલુ. (૨)
મલપતી આવે નાર રે, મારી સાહેલીનું બેડલું—૦
ભાઈ રે સુતારીયા વીરા વિનવું રે;
મારે માંડવે બાજોઠ લાવ રે, મારી સાહેલી—૦
ભાઈ રે લુવારીયા વીરા વીનવું રે;
મારે માંડવે દીવા લાવ રે—મારી સાહેલી—૦
ભાઈ રે કાપડીયા વીરા વીનવું રે;
મારે માંડવે રેશમ લાવ રે—મારી સાહેલી—૦
ભાઈ દરજીડા વીરા વીનવું રે;
મારે માંડવે સીવવા આવ રે—મારી—૦
ભાઈ કંદોઈડા વીરા વીનવું રે;
મારે માંડવે મીઠાઈ લાવ રે—મારી—૦
ભાઈ ગાંધીરા વીરા વીનવું રે;
મારે માંડવે ચુડા લાવ રે—મારી—૦
ભાઈ વાજાં વાળા વીનવું રે;

મારે માંડવે વાંજીત્ર વગાડ રે—મારી—૦

માઇ રે રમતીયા વીરા વીનવું રે;

મારે માંડવે હારૂણનું કોડ રે—મારી—૦

સુલતાન શાહાજી આવસે,

અમ સખીયોના પુરવા કોડ રે—મારી—૦

સિંધી કાફી.

રાગ—યાર તાર લગીઆ હે તન—

પીયાસ જાન ભજી આહે મન;

ઘડી પલક ન આહે ચહેન;

કીન રહું ધીસ હેકલી,

મુંજે યાર સુલતાન ભીન—પીયાસ—૦

મહોબ મીલણુજી આસ અંતર મેં,

તલપત દીંહીને રાત;

વાઇધા વાડીઉં દેહી કરે,

જાની વેહી રહીયો વિલાત;

પારની કોલ કરાર હાણે,

વાડું નીયારે જમાત—પીયાસ—૦

અચતું અસાંદા ઓછતો,

મુંજા મહોબ મીઠા મહેમાન;

ઓજમાની પીલ અંધરજી,

મુંજો તન મન આહે કુર બાન;

સાકી વસ્લે શરાબ ને,
તું જલ્ધ પીયારી એમ જામ—પીયાસ—૦
પીધ પરસન લીન પીવાના,
ફરકન સે કરાર;
હીંયર અચે તો સુલતાન મું હીને,
દીંયણુ મુંહાખે પીધાર;
અબે રે પરધ ફરાક મેં
ગુજરીયા વરસ જમાન—પીયાસ—૦
પુર અસાંજીસું મુરાધુ અલી,
શાહે ઈમામે જમાન,
કર કતલ કુફરાન ખે,
રોશન પીને ઇમાન;
ભાપલ ભેધીન ધૂર થીયા,
દીસી સચો સીજ સુલતાન—પીયાસ—૦

કાફી બીજી.

રાગ—બોલી હુઇતા નીમાણી સુંજે

ચાર સુંજો સુલતાન જાની, કેડી આહું કરીયાં મીજમાની—૦
કરીયાં દીલજા આહું ટુકડા, રખીંયા તેંજી બોહ માની—કેડી—૦
રેલો ખુને જી૮ પીઆરીયાં તેંજો સચો પાની—કેડી—૦
આરાયાં આહું ઇશ્કસે, શેવા કરીયાં ચઇ જાની—કેડી—૦
સેજ સુમારીયાં આહું સીકયાં, કરીયાં મહોબત કહાની—કેડી—૦

પંખો પ્રેમી પવન લે, ખાસ ઉસીસે શાદ માની—કેડી—૦
સુલતાન નુર સુવર્ણે ભીના, ચોળે આડે જીંદગાની—કેડી—૦
સુરાદ ચરે મહોબ્બત મીઠ અચી, હરદમ પાસ સદાની—કેડી—૦

રાસુડો ૧૪ મો

સુલતાન શાહની વાડીમાં રંગ ભમી રમવા નીસરીરે—૦
સુલતાન શાહની વાડીમાં સખીયો રમવા નીસરીરે—૦
સુલતાન શાહની વાડીમાં ડોક કેરા દાણા વિસરીરે—;
કોઈને જડયા હોય તો આલજો હમણા પીયુજી આવશેરે—૦
સુલતાન શાહની વાડીમાં હાથ કેરી બંગડી વિસરીરે—;
કોઇને જડી હોય તો આલજો હમણા વાલમજી આવશેરે—૦
સુલતાન શાહની વાડીમાં હીરાની વીંટી વીસરીરે—;
કોઇને જડી હોય તો આપજો, હમણા સુલતાન શાહ આવશેરે ૦
સુલતાન શાહની વાડીમાં મોહન માળા વિસરીરે—;
કોઇને જડી હોય તો આલરે હમણા ડોલરીયો આવશેરે—૦
સુલતાન શાહની વાડીમાં પગનાં ઝાંઝર વિસરીરે—,
કોઇને જડયા હોય તો આલજો હમણા વ્હાલોજી આવશેરે—૦
સુલતાન શાહની વાડીમાં નાકની નથડી વિસરીરે—;
કોઇને જડી હોય તો આલરે હમણા પ્રિતમજી આવશેરે—૦
સુલતાન શાહની વાડીમાં કાનનાં એરીંગ વીસરીરે—૦
કોઇને જડ્યા હોય તો આપજો હમણા શ્યામજી આવશેરે—૦

બે સખીયોનો સંવાદ

આડું આવ્યું કુકડું ને કુટી ગયું શું કરૂં,

વહુજી ઘર બારા નીસરો;
સાસરો આવે તો નીસરૂં;
સસરા મેં બેડલું ફોડીઉં;
કેમ કરીને વહુ ફોડીઉં ?
આડું આવ્યું કુકડું ને ફૂટી ગયું શું કરૂં,
વહુજી ઘર બારા નીસરો;
જેઠ આવે તો નીસરૂં,
જેઠ મે બેડલું ફોડીઉં,
કેમ કરીને વહુ ફોડીઉ ?
આડું આવ્યું કુકડું ને ફૂટી ગયું શું કરૂ,
વહુજી ઘર બારા નીસરો;
દીયર આવે તો નીસરૂં,
દીયર મેં બેડલું ફોડીઉં,
કેમ કરીને ભાભી ફોડીઉં ?
આડું આવ્યું કુકડું ને ફૂટી ગયું શું કરૂં,
વહુજી ઘર બારા નીસરો;
પરણ્યો આવે તો નીસરૂં,
પ્રિતમ મેં બેડલું ફોડીઉં,
કેમ કરીને ગોરી ફોડીઉં ?
આડું આવ્યું કુકડું ને ફૂટી ગયું શું કરૂ,
હેવી શાને ઘરથી નીસરો;
ફૂટીયા બેડલાને તમે શું રડો,

ગોરી શાને ગભરાવો છો,
એથી સરસ બેડું લાવશું.

રાસુડો. ૧૬ મો

સાહેલીરે ઉંચા તે બંગલા સુલતાનનાં
માંહે રમે શહેજાદીનાર આછા ઝરમરીયા—૦
સુલતાન શાહાજી એ તારા વેળા આવોની,
તમે ઉતારા કરતા જાઓ આગા અલબેલા—સાહેલી૦
સુલતાન શાહાજી દાતણ વેળા આવોની,
તમે દાતણ કરતા જાઓ આગા અલબેલા—સાહેલી૦
સુલતાન શાહાજી ભોજન વેળા આવોની,
તમે ભોજન જમતા જાઓ આગા અલબેલા—સાહેલી૦
સુલતાન શાહાજી મુખવાસ વેળા આવોની,
તમે મુખવાસ કરતા જાઓ આગા અલબેલા—સાહેલી૦
સુલતાન સાહેબજી પોઢણ વેળા આવોની
તમે પોઢણ કરતા જાઓ આગા અલબેલા—સાહેલી
સુલતાન શાહાજી નાવણ વેળા આવોની
તમે ઉને પાણીએ નહાવો આગા અલબેલાં—સાહેલી
સુલતાન શાહજી રમત વેળો આવોની
તમે રમત રમતા જાઓ આગા અલબેલા—સાહેલી

રાસુડો. ૧૭ મો

આભમાં જબુકે ઝીણી વીજલીરે,

ઝીણા ઝરમર વરસે મેહ,
સુલતાન શાહ વહેલા કરાંચી પધારશોરે—આભ૦
તમને વહાલી વિલાતની મુસાફરીરે,
અમને વહાલા તમારા દીદાર;
સુલતાન શાહ દરસન દેવા આવશોરે—આભ૦
શાહના વકીલોને ઉતારા ઓરડારે,
મહમદ સુલતાનને મેડીના મોલરે-વહેલા—આભ૦
શાહના વકીલોને દાતણ દાડમીરે,
મામદ સુલતાનને કણીઆરી કામરે;
વહેલા કરાંચી પધારશો રે—આભ૦
શાહના વકીલોને ભોજન લાપસીરે,
મહમદ સુલતાનને રૂડા પકવાનરે;
સુલતાન શાહ વહેલા કરાંચી પધારશોર—આભ૦
શાહના વકીલોને મુખવાસ એલચીરે
મહમદ સુલતાનને પાન પચાસરે;
સુલતાન શાહ મુંબઈથી વહેલા પધારશોરે—આભ૦
શાહના વકીલોને પોઢણ ઢોલીઆરે,
મહમદ સુલતાનને ઝુલતા પલંગરે;
સુલતાન શાહ વિલાતથી વહેલા પધારશોરે—આભ૦
શાહના વકીલોને નાવણ કુંડીઉંરે
મહમદ સુલતાનને ગરમ હમામરે;
સુલતાન શાહ વહેલા કરાંચી પધારશોરે—આભ૦

રાસુડો. ૧૮ મો

સોનાની છાબડી ફુલે ભરી હું તો સુલતાન વધાવવા આવી છું
અલબેલા સુલતાન મુખડું જોવા આવી છું;
પાતળીયા સુલતાન દીદાર કરવા આવી છું—સો૦
ઉતારા ઓરડા મેલી કરી હું તો તમારે કાજે આવી છું—અલ
દાતણુ દાડમી કાપી કરી હું તે તમારે માટે લાવી છું—અલ
ભોજન બનાવી ભાત ભાતના હું તો તમને જમાડવા આવી છું ,,
પાનના બીડા હાથે બનાવી હું તો મુખવાસ કરવા આવી છું ,,
પોઢણુ કરો ઝુલતા પલંગમા હું ઝુલાવા આવી છું—અલ૦
પંખો પ્રેમી હાથે લઇને હું તો પવન ઢરાવવા આવી છુ—અલ૦
પુરો આશા શાહ અમ અબળાની હુ તો વિનતી કરવા આવી છું ,,
અલબેલા સુલતાન મુખડું જોવા આવી છું;
પતળીઆ સુલતાન દીદાર કરવા આવી છું................સોના૦

રાસુડો. ૧૯ મો

વાગે સુલતાન શાહની મુરલી ઘેર જાઉં નથી ગમતું રે,
નથી સુજતા ઘરડાના કામરે ઘેર જાઉં નથી ગમતું રે—વા૦
ઉતારા દેસુ ઓરડારે........................ઘેર જાઉં—૦
દેશું મેડીના મહેલરે........................ઘેર જાઉં—૦—વાગે
દાતણુ દેશું દાડમીરે........................ઘેર જાઉં—૦
દેશું કણીઆરી કામરે........................ઘેર જાઉં—૦—વાગે
ભોજન દેશું લાડવારે........................ઘેર જાઉં—૦

દેશું ઢેલા દુધરે..................ઘેર જાઉં—૦—વાગે
મુખવાસ દેશું એલચીરે..............ઘેર જાઉં—૦
દેશું કાંઈ પાન પચાસરે..............ઘેર જાઉં—૦—વાગે
સોહણુ દેશું પલંગરે.........................ઘેર જાઉં—૦
દેશું હીંદોળા ખાટરે... ....ઘેર જાઉં—૦—વાગે
નાવણુ દેશું કુંડીઉરે..........................ઘેર જાઉં—૦
દેશું નદીઓના નીરરે.........................ઘેર જાઉં—૦—વાગે

રાસુડો ૨૦ મો

સૈયર મોરી રે ચાંદાને પછવાડે સુરજ ઉગીયો રે લોલ;
સૈયર મોરી રે સુરજની પછવાડે ચંદ્રમા ઉગીઓરે લોલ,
સૈયર મોરી રે વાટલડી જોઇ જોઇને મારો જનમ ગયોરે લોલ,
સૈયર મોરી રે ઉતારા કરનારો સુલતાન શાહ,
કંઇએ આવે રે લોલ;

આવસે સાતમની શનીવારે આઠમની મધરાતે રે લોલ—સયર૦
સૈયર મોરીરે દાતણુનો કરનારો સુલતાન શાહ,
કંઇએ આવેરે લોલ,—આવશે સાત

સૈયર મોરી રે ભોજનીયા જમનારો સુલતાન શાહ,
કંઇએ આવે રે લોલ—આવશે સાતમની—સૈયર—૦
સૈયર મોરીરે પોઢણીયા કરનારો સુલતાન શાહ,
કંઇએ આવે રે લોલ—આવશે સાતમ—સૈયર—૦

સંચર મોરીરે નાવણીયા કરનાર સુલતાન શાહ,

કંઇએ આવે રે લોલ—આવશે સાતમ—ગ્રૈ"

રાશુડો ૨૧ મું.

ઝીણા ઝરમર વરસે મેહ કે ભીંજે મારી ચુંદરડી,
એવા સુલતાન શામળીયા સું નેહ કે—ભીંજે મારી ચુંદરડી.
ઉચા અવાસ આ અલબેલાના, ત્યાં અમારા મેડી રે;
સુતી હતી હું મારા ભવનમાં, સાન કીને મુને તેડી કે—ભી
ડગ મગ દાદુર મગ મગ મોરલે, ચાતક વના નમેરી રે;
વીજળીના બેઝના ભવને ત્યાગી, આવી ઉભી શાહની વાડી-ભીં.
વનમાં પપૈયો પેલો પિયુ પિયુ બોલે, ટહુકે મયુર કેરી વેણુ રે
ટમ ટમ ટમ ઢમ વાદળી ટમક આનંદે મારા નેણુ કે—ભીંજે.
આવ્યા સુલતાનશાહ મારે મંદીરીયે, હૈયે હર્ષ ન માય રે;
દરશન દઇને પાવન કીધા, ખુશી થયા નર નારી કે—ભીંજે.

રાશુડો ૨૨ મું.

સાહેબાજીરે આવ્યા સુલતાન આજ મારા બાગમાં,
લીલા લવીંગડા વાવશું હો જીરે—૦
વાવશું જીરે વાડીનાં વટ હેઠ રે, લીલા લવીંગડા વાવશું હો જીરે
ઉતારા દેશું મોરડા જીરે- દાતણુ દેશું દાડમી જીરે
સોના રૂપાની કુંડીઉં જીરે નીર ભરી ન્હાવા આપશું જીરે—સા.
મોરીઆ કંસાર સાકરે ભરીને સુલતાનને પ્રિતે જમાડશું જીરે,

જમણુ દેશું લાપસી જીરે દુધ કઢેલા પાશુ જીરે-સાહેબ૦
મુખવાસ દેશું એલચી જીરે, પાનના બીડા આપશું જીરે-૦;
મધ્યને ગાલીચા પાથરી કરીને સુલતાનને બેસણુ દેશું જીરે સાહે૦
પોઢણુ કરાવશું પલંગે જીરે, રૂડે હીંડોળે ઝુલાવશું જીરે,
હૃદયે હેત પૂર્ણ ધરીને ગોઠી ગોષ્ટી કરીશું જીરે-સા૦
રજની રમશું આનંદે જીરે, ગુણમાં ગુલતાન થાશું જીરે
રાત અજવાળી રૂડી પુનમ તણી પ્રેમે પવન ઢોળાવશું જીરે સા-૦

રાસુડો ૨૩મો

સાહેબાજીરે રૂડા ઉતારા આપો
પંખી અમે પરદેશના હોજીરે -- સાહેબ૦
આવ્યાજીરે ચાખવા પ્રેમની શાખો
આજ તમારા બાગમા હોજીરે -સાહેબ૦
આભવ રસભર ફલને ચાખી,
ભવોભવ લેવા આવશું હોજીરે,
દેશ અમારો રસભર આપો;
રસના પ્યાલા પીશું જીરે,
રસીયા રાજી થાશુજીરે,
ગુણ સુલતાનનાં ગાશું જીરે સાહેબ-૦

જાહેર ખબર.

સર્વ ઈસ્માઈલી દીનદારોને ખબર આપવામાં આવે છે જે અમારી પાસે આપણા પાક ગ્નાન શાસ્રની કિતાબો તેમજ ઈસ્માઈલી હાજર ઈમામના તરેહવાર જાતનાં સુંદર ફોટોગ્રાફ તથા અમારી તરફથી છપાએલ ગુજરાતી પુસ્તકો કીફાયત ભાવથી મળશે. બહાર ગામના ગ્રાહકોને વી. પી. થી મોકલવામા આવશે.

ગુજરાતી પુસ્તકોના નામ.

રસમય રત્નમાળા.	કિંમત ૦—૫—૦
પ્રેમમય અમૃત ધારા.	,, ૦ ૪—૦
રમણી રાસ મંડળ.	,, ૦—૩—૦
ગોરી ગરબા સંગ્રહ	
૯૬	
પ્રેમ સુલતાન	૦—૪—૦

મળવાનું ઠેકાણું:—

બગીચા સ્કુલ તથા ખારાધર કરાંચી.

પ્રગટ કર્તા.

ઝહુર હુઆ ઇસ ઝંમાને,
નુરે ઇલાહી ઇમામ;
જીસપર સાયા લુત્ફકા,
ઉસકા કામ તમામ.

વધાઈ વધાઈ વધાઈ

સર્વ ઇસ્માઈલી દીનબંધુઓને લાખો મુબારકબાદી હોજો. આપણા શીરછત્ર રહાનુમાં મૌલાના હાજર ઈમામ, વિષ્ણુ પરમાત્માથી, આજ અલીની ગાદીથી કાયમ ૪૮માં ઈમામ રૂપી જલ્વાગર થઈ તમામ જગતમાં રોશન થયા છે તે મૌલાના સુલતાન મહુમદશાહ આપણી કરાચી ભુમી ઉપર પોતાના શુભ પગલાં થોડા વખતના ટાકણે ભરશે તેની યાદીની સરવે બેહનો ભાઈઓને મુંબારકી છે.

પ્રગટ કર્તા.

હિતેચ્છુ પ્રેસમાં હ. વા. ઠાકરે છાપ્યું—કરાચી.